વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

અનસૂયા

Anasooya (Gujarati Fortnightly)

વર્ષ - ૪૪ : અંક - ૧૪-૧૫ ❋ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ❋ તંત્રી : નમ્રતા બાલી ❋ પ્રકાશન : ઑગસ્ટ ૬, ૨૨, ૨૦૨૬

શ્રી મહિલા સેવા સહકારી બેંકની ૫૨મી વાર્ષિક સાધારણ સભા

શ્રી મહિલા સેવા સહકારી બેંકની વર્ષ ૨૦૨૫- ૨૦૨૬ની ૫૨મી વાર્ષિક સાધારણ સભા, તારીખ ૧૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ સાકાર-૨ના ત્રીજે માળે સેવા બેંકના હોલમાં મળી હતી. જેમાં બેંકના માનનીય મેનેજિંગ ડિરેક્ટર, ચેરમેન, બેંકના ડાયરેક્ટર્સ અને મોટી સંખ્યામાં સભ્યો/ શેર હોલ્ડરો હાજર રહ્યા હતા. મેનેજિંગ ડિરેક્ટરે હાજર રહેલાં તમામ સભ્યો/ શેરહલ્ડરોનું હાર્દિક સ્વાગત કર્યું. ત્યારબાદ બેંકના ચેરમેન જ્યોતિબહેન મેકવાન દ્વારા ગત વર્ષના કાર્યોનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો. તેમજ, નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવ્યા.



બેંકની પ્રગતિના આંકડા પર એક નજર :

સભાસદ : આ વર્ષે ૧,૨૭,૬૭૫ની થઈ છે.

શેરભંડોળ : ગયા વર્ષે શેરભંડોળ રૂા. ૨૦,૭૯,૪૩,૮૨૦/- હતું, ચાલુ વર્ષે રૂા. ૧૯,૪૮,૫૨,૫૬૦/નું છે.

થાપણો : ગયા વર્ષે કુલ થાપણો રૂા. ૩,૪૪,૮૪,૫૦,૦૦૦/- હતી, ચાલુ વર્ષે કુલ થાપણો રૂા. ૩,૫૦,૫૨,૩૮,૦૦૦/- ની થઈ છે.

થાપણ ખાતા : ગયા વર્ષે ૩,૧૯,૪૦૯ બહેનોના બચત ખાતા હતા, ચાલુ વર્ષે કુલ ૩,૧૬,૧૫૨ ખાતા થયા છે.

કાર્યકારી મૂડી : ગયા વર્ષે રૂા. ૪,૭૨,૫૦,૮૧,૦૦૦/- હતી. ચાલુ વર્ષે કુલ કાર્યકારી મૂડી રૂા. ૪,૭૯,૮૧,૪૪,૦૦૦/- થઈ છે.

ધિરાણ: ગયા વર્ષે ધિરાણ લીધેલી બહેનોની કુલ સંખ્યા ૩,૫૯,૧૮૬/- હતી અને કુલ ધિરાણ રૂ. ૨,૧૮,૩૭,૭૦,૦૦૦/- હતું. ચાલુ વર્ષે ધિરાણ લેતા બહેનોની સંખ્યા ૩,૬૭,૭૫૨/- થઈ છે અને ધિરાણ રૂ. ૨,૩૬,૬૯,૭૩૦૦૦/- થયું છે.

નફો: ગયા વર્ષે ચોખ્ખો નફો રૂ.૧,૨૧.૮૬.૧૪૯ /- હતો. ચાલુ વર્ષે બેંકના ટેક્ષની જોગવાઈ કર્યા પહેલાનો નફો રૂ. ૧,૪૬,૮૫૦૦૦/- છે. જેમાંથી રૂ.૧,૨૦,૦૦,૦૦૦/-ની આવકવેરાની જોગવાઈ કર્યા બાદ રૂ.૨૬,૮૫,૦૦૦/- નફો થયો છે.

બેંક સૌ બેનોને બચત, ધિરાણ, વિમો-પેન્શન, ઉદ્યમી (એસ. એમ. ઈ.) વગેરે સેવાઓ આપે છે. સૌ ગ્રાહકોની નાણાંકીય સમજ અને આવડત વધે છે, જેનાથી બહેનો પોતાનું જીવન ગૌરવભેર જીવે છે અને આ બધુ નાણાંકીય તાલીમો દ્વારા મળે છે. બહેનો તથા તેમના પરિવારોની આર્થિક તથા શારીરિક સુખાકારી થાય તે જ આપણો ધ્યેય છે.

ત્યારબાદ બેંકની જુદી-જુદી બ્રાન્ચના જનરલ મેનેજરો 'સેવા' બેંકમાં ઉપલબ્ધ સેવાઓ જેવી કે 'સેવા' બેંક દ્વારા બચતનું આયોજન કરી શકાય તે માટે નાણાંકીય આયોજન અને ડિજિટલ સાક્ષરતાની તાલીમ આપવામાં આવે છે તે જણાવ્યું. ઉપરાંત અલગ અલગ રીકરીંગ યોજનાઓ, પેન્શન યોજનાઓ વિશે અને વિમા યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. તદ્ઉપરાંત 'સેવા' બેંકની ધિરાણ યોજનાઓ જેવી કે દાગીના લોન, વાહન લોન, એસ. એમ. ઈ. લોન (ધંધા માટે), ફિક્સ ડિપોઝીટ પર લોન, મકાન લોન તેમજ પાણીને લગતી (વોસ) લોન વિશે વિસ્તૃતમાં જાણકારી આપવામાં આવી હતી. સાથે સાથે નિયમિત લોન ભરવાના ફાયદા જેમ કે સિબીલ સ્કોર સારો રહે, બેંકમાં તેમની શાખ વધે તેના વિષે જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ડિજિટલ નાણાંકીય વ્યવહારો કરતી વખતે શું શું સાવચેતી રાખવી તે જણાવવામાં આવ્યું હતું. જેમ કે, અજાણી લિંક ખોલવી નહીં, કોઈને ઓટીપી કે પાસવર્ડ આપવો નહીં. ઉપરાંત 'સેવા' બેંક ટ્રાન્જેક્શનલ અને સર્વિસ કોલ માટે ૧ ૬ ૦ ૦ ૩ ૦ ૪ ૨ ૭ ૫ નંબર દ્વારા ગ્રાહકોને સંપર્ક કરશે તેના વિષે જણાવવામાં આવ્યું.

ત્યારબાદ બેંકના દરેક બ્રાન્ચ મેનેજરોએ પોતાનો પરિચય આપ્યો હતો. સાથે સાથે તમામ સભ્ય /શેરહોલ્ડર બહેનોને બચતનું મહત્વ સમજાવ્યું હતું. ઘણી સભ્ય બહેનોએ 'સેવા' બેંક સાથે જોડાયા બાદ તેમના જીવનમાં આવેલા ફેરફારો વિશેના અનુભવો જણાવ્યા.

રાધનપુરના ખેતી અને પશુપાલનનું કામ કરતાં પુષ્પાબહેન ગૌરીશંકર કહે, બેંક સાથે જોડાઈને ધીમે ધીમે બચત કરતી થઈ. એ બચતમાંથી હું મારા જીવનના ઘણા સારા ખરાબ પ્રસંગો પાર પાડી શકી છું.

'ઘણાં વરસથી 'સેવા' બેંકમાં ખાતુ ખોલાયું છે, બચત કરી છે અને ઘરની લોન લીધી છે. હવે હું મારા પોતાના ઘરની માલિક બની છું.' આ શબ્દો હતા રાધનપુર ગામના ખેતી કામ કરતાં લીલાબહેન કાનજીભાઈના.

''સેવા' બેંકથી મારું જીવન ઊંચુ આવ્યું છે,' આ શબ્દો હતા અમદાવાદના સારંગપુર વિસ્તારમાં 'સફલ માર્કેટ'માં માથોડા મજુરી કરતા કવિતાબહેનના. તેમણે વધુમાં કહ્યું, 'મેં મારા મજુરી કામના ધંધા માટે લોન લઈ ટેમ્પો વસાવ્યો, હવે ધંધો પણ સારો વધ્યો છે, તે લોનના હપ્તા પણ નિયમિત રીતે ભરું છું. મારી જેમ મેં બીજા બહેનોને પણ 'સેવા' બેંક સાથે જોડી છે.'

અંતમાં 'સેવા' બેંકના મેનેજર વંદનાબહેને સૌનો આભાર માન્યો અને સહુએ સાથે મળીને ''અમે પાર કરીશું'' ગીત ગાઈ સભાની પૂર્ણાહૂતિ કરી.

- ભૂમિકા

❑

‘સેવા’ બેંક મારું પિયર

સારંગપુર બજારમાં માથોડા કામ કરતાં ૪૦ વર્ષના ઉર્મિલાબહેન ૭ ધોરણ ભણેલા છે. તેમની માતા મણીબહેન ઠાકોર પણ માથોડા કામદાર અને ‘સેવા’ના જુના આગેવાન છે. ઉર્મિલાબહેન કહે, મારી મા સાથે નાનપણથી જ માથોડા કામ કરતી. ઘરમાં અમે ૬ ભાઈ-બહેનો અને બધા માથોડા કામ કરીએ છીએ. અમારો પરિવાર મોટો એટલે મા-બાપે અમે નાના હતા ને પરણાવી દીધેલાં. મને ૯ વર્ષે પરણાવી દીધી અને ૧૮ વર્ષે આણું વાળ્યું અને સાસરે આવી. મારા પતિ દારુ પીને માર મારતાં અને કામ-ધંધો કાંઇ કરતાં નહી. ૧૯માં વર્ષે હું મા બનવાની હતી, મને ૭મો મહિનો હતો અને પતિનું ઘર છોડી પિયરમાં પાછી આવી ગઇ. થોડા વખતમાં મને દીકરો થયો. એકલા હાથે દીકરાને મોટો કર્યો અને ધંધો પણ વધાર્યો. હવે ધીરે ધીરે થાળે પડવા લાગ્યું. મોટી બેનને ચાર દીકરીઓ છે તેની બે દીકરીઓ મેં દત્તક લીધી તેને મોટી કરી અને પરણાવી તેમનું કરીયાવર કર્યુ.

ભાઇના બે ભત્રીજાઓને મેં મોટા કર્યા (ભાભી ગુજરી ગયા અને સાવકી મા હતી) તેથી તેમને પરણાવ્યા. જો કે, હવે મા જોડે રહે છે, મારા ઉપર પણ લાગણી બહુ રાખે છે. મારા દીકરાના પણ મેં ધામધૂમથી લગ્ન કર્યા. મકાન મોર્ગેજ કરી ૪ લાખની લોન લીધી અને બીજા પોતે ખર્ચ કર્યા. બહારનું કોઇ દેવુ નથી.

માથોડા કામદારની મજુરીમાં પહેલાં ૧ પાર્સલ માથે ઉપાડીને મુકવાના ૩/- રૂ. મજુરી મળતી, જે હવે ૪૫ રૂ. મળે છે. માથોડા કામના વધારા માટે મારું સંગઠન તે ‘સેવા’ લડી એટલે એક પાર્સલ ૩૫ કિલોનું હોય દર ૫ વર્ષે મજુરી ૫ થી ૧૦ રૂ. વધે થોડી રકઝક થાય પછી વધારી દે મહાજન. આ જ છે સંગઠનનો પ્રતાપ અને અમારા જેવા અરક્ષિત કામદારો કે જે, ૭-૧૦ દુકાનોમાં કામ કરતાં હોય, જ્યાં કોઇ સામાજિક સુરક્ષા ના હોય, ૭-૧૦ દુકાનોમાં કામ કરીએ તો કોણ અમારો માલિક? એટલે તો ‘સેવા’ મહાજન દ્વારા જ વાટાઘાટો અને જે દરેકે દરેક દુકાનને લાગુ પડે.

મારી પાસે હાલમાં પેડલ રીક્ષા, હાથલારી, ટેમ્પો, છોટાહાથી અને આઇસર ગાડી છે જે બધું મેં બેંકની લોન લઇને વસાવ્યું છે. હમણાં પોતાના માટે સ્કોરપીયો ગાડી લીધી છે. માથોડા કામના ધંધામાં મારી સાથે ૧૦ છોકરાઓ કામ કરે છે. એક છોકરાને ૬૦૦ રૂ. રોજ આપું છું. અમારો ધંધો સફલ-૩ સુમેલ બિઝનેસ પાર્કમાં શિવાલય શેઠની ૧૫૦થી ૨૦૦ દુકાનનું કામ કરીએ છીએ. નાનો ટેમ્પો છે તેમાં બે છોકરાઓ મુકયા છે તે ૨૦ પાર્સલ ભરી એક જગ્યાએથી બીજી જગ્યાએ મુકવાનું કામ કરે છે. છોટાહાથી ગાડી છે તેમાં બે છોકરાઓ મુકયા છે તે ૪૦ પાર્સલ ભરી જાય છે. એમ ૨ આઇસર છે તેમાં ૩-૩ છોકરાઓ મુકેલા છે જે ૫૦-૬૦ પાર્સલ રાયપુરથી સારંગપુર સફલ-૩માં સવારે ૧૦:૩૦થી રાતના ૮:૩૦ વાગ્યા સુધી ફેરા લેવા મુકવાનું કામ કરે છે. ઇદ-દિવાળી જેવાં તહેવારમાં તો રાતના ૩ વાગ્યા સુધી પણ ફેરાનું કામ ચાલતુ હોય છે.

પાર્સલ ચઢાવવાના ઉતારવાના બધુ જ કામ શેઠની ઓફિસ બીજે ત્રીજે અને ચોથે માળે લીફ્ટ દ્વારા માથે ઉપાડીને નીચે લાવવાના અને ગાડીમાં લઇ જવા લાવવા માટે ૧૦ છોકરાઓ સાથે અમે ઘરના ૩ વ્યક્તિ મળીને ૧૩ લોકો આ કામમાં જોડાયેલા છીએ.

મારું પોતાનું ઘર વસાવ્યું, છોકરા પરણાવ્યા, દાગીના લીધા, ગાડીઓ વસાવી આ બધું જ ‘સેવા’ બેંકની લોનમાંથી કર્યુ છે. મેં ‘સેવા’ બેંકમાથી ૨ લાખ ૪૦ હજારની લોન લઇ એલ.આઇ.જી. યોજના રાયપુરમાં મકાન મળ્યું છે. મહિને જે આવક થાય તેમાંથી લોનના નિયમિત હપ્તા ભર્યા છે અને બચત પણ કરી છે.

જેમ ‘સેવા’ સંગઠન મારું પિયર છે તેમ, ‘સેવા’ બેંક એ પણ મારું પિયર છે. અહીં આવવું ગમે છે બધા ઘરની જેમ સમજાવે છે કોઇ તકલીફ નથી પડતી.

❑

ભરાડા ગામથી 'રાષ્ટ્રપતિ ભવન' સુધી - સોલાર ટેકનિશિયન તરીકેની મારી ગૌરવભરી સફર

મારા માટે દિલ્હીનો પ્રવાસ માત્ર પ્રવાસ નહોતો, પરંતુ મારા જીવનનો એક યાદગાર અને ગૌરવપૂર્ણ અનુભવ હતો. મારા સોલાર ટેકનિશિયન તરીકેના મારા કામને મળેલી ઓળખના કારણે 'રાષ્ટ્રપતિ ભવન' સુધી પહોંચવાનો અવસર મળ્યો, તે મારા માટે ખૂબ જ ખાસ ક્ષણ હતી.



સોલાર ટેકનિશિયન પાયલબહેન રાષ્ટ્રપતિજી સાથે



રાષ્ટ્રપતિ ભવનમાં વડાપ્રધાનજી સાથે સોલાર ટેકનિશિયનો

દિલ્હીમાં ઇન્ડિયા ઇન્ટરનેશનલ સેન્ટર (IIC)ના પ્રમુખ શ્યામ શરણભાઈ અને ડિરેક્ટર કે. એન. શ્રીવાસ્તવભાઈને મારા કામ માટે મળેલા પ્રોત્સાહન અને સહયોગ બદલ આભાર માન્યો. ત્યારબાદ ૧૫ ઓગસ્ટના રોજ 'રાષ્ટ્રપતિ ભવન'માં યોજાયેલા 'એટ હોમ રિસેપ્શન'માં રાષ્ટ્રપતિજી, ઉપરાષ્ટ્રપતિજી અને વડાપ્રધાનજીને મળવાની અને મારી ઓળખ ઊભી કરવાની મને તક મળી. આ ક્ષણો હું જીવનભર યાદ રાખીશ.

સૌથી ગર્વની વાત એ હતી કે, હું ત્યાં માત્ર મહેમાન તરીકે નહીં, પરંતુ 'સોલાર ટેકનિશિયન' તરીકે મારી પોતાની ઓળખ સાથે ઊભી હતી. લોકો મારા કામ વિશે રસપૂર્વક પૂછતાં ત્યારે મને મારા કામ અને મહેનત પર વધુ ગર્વ અનુભવાતો.

'રાષ્ટ્રપતિ ભવન'ની મુલાકાત, મ્યુઝિયમ અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત પણ અવિસ્મરણીય રહી.

આ સફર માટે હું સમગ્ર 'સેવા' પરિવારનો દિલથી આભાર માનું છું. આ સન્માન માત્ર મારું નથી, પરંતુ 'સેવા' સાથે જોડાયેલી ૩૮ લાખ બહેનોનું સન્માન છે.

મારા ગામમાં આજે લોકો કહે છે, ''દીકરી થઈને આપણા ગામનું નામ દેશ સુધી પહોંચાડ્યું.'' આ શબ્દો મારા માટે સૌથી મોટું સન્માન છે.

શરૂઆતમાં સોલાર તાલીમ માટે ગામમાંથી દીકરીઓ તૈયાર થતી નહોતી. હું અને મારી બહેનપણી પૂનમે તાલીમ લીધી અને આજે મારી આટલી બધી સિદ્ધિ જોઈને મારા જ ગામની આઠ જુવાન છોકરીઓ સોલાર તાલીમમાં જોડાઈ છે.

કહેવાય છે ને - એક દીકરીને તક, તાલીમ અને પરિવારનો વિશ્વાસ મળે તો તે માત્ર પોતાના પરિવારને નહીં, પરંતુ સમગ્ર સમાજને બદલી શકે છે.

દિલ્હીની આ યાત્રા મારા જીવનની એવી સુંદર યાદ બની ગઈ છે, જેને હું હંમેશા મારા હૃદયમાં સાચવી રાખીશ.

- પાયલ મુજપરા

❑

શિક્ષણની પરિભાષામાં રમતનું મેદાન એ આપણું વર્ગખંડ



શ્રી મહિલા સેવા સહકારી બેંક લિ.

તમારી વિવિધ વ્યવસાયિક
જરૂરિયાત
માટે ૫ લાખ સુધીની
લોન મેળવો

ઉદ્યમી લોન

બેંક સાથે જોડાઈને
તમારા ધંધાના
વિકાસના સપના
સાકાર કરો



દરેક પ્રકાર ના
નાના-મોટા ધંધા
માટે ની લોન લેવા માટે
સેવાબેંકની નજીકની
શાખાનો સંપર્ક કરો.

ફોન નંબર-૦૭૯-૨૬૫૮૧૬૫૨ /
૦૭૯-૨૬૫૮૧૫૯૭ / ૭૮૬૩૮૨૫૯૫૩

ઈ-મેલ : mail@sewa.bank.in
વેબસાઈટ : www.sewa.bank.in

'ઇન્ડિયન એકેડમી ફોર સેલ્ફ એમ્પલોઈડ વિમેન' અંતર્ગત ઘણી બધી પ્રવૃતિઓ થાય છે; જેમ કે તાલીમ સાક્ષરતા, રિસર્ચ, રેડિયો , વિડીયો, વિગેરે. આ બધી પ્રવૃતિઓમાં ભાગ લેવા માટે ઘણી મોટી સંખ્યામાં જુદાં જુદાં વિસ્તારો તેમજ આજુબાજુનાં ગામોમાંથી બેનો અને કિશોરીઓ આપણી સાથે જોડાય છે. આ બેનો અને કિશોરીઓ સાથે આપણે જુદાં જુદાં વિષયો પર કામ કરીએ છીએ. આ પ્રવૃત્તિમાં ભાગ લેવા આવતી બેનોએ ઉનાળુ વેકેશન આવતા રજૂઆત કરી કે, 'બાળકો તો રમશે પરંતુ અમારે પણ આ વેકેશનમાં રમવું છે અને અમારા બાળપણને યાદ કરવું છે.'

મે અને જૂન મહિના દરમિયાન અમદાવાદના વિવિધ વિસ્તારો અને ગામડાઓમાં રમતગમતની પ્રવૃત્તિઓ યોજાઈ. તેમાં તાલીમ, સાક્ષરતા, એક્ષટેન્સન સેન્ટર તેમજ 'રૂડીનો રેડિયો'ના શ્રોતામિત્રો અને વિડીયો 'સેવા'ના સભાસદ બેનોએ ભાગ લીધો હતો. તંદુરસ્તી, સુખાકારી અને આનંદની ઉજવણી સાથે મહિલાઓને એકસાથે લાવતી આ પહેલ વિવિધ પેઢીઓ વચ્ચે સેતુ બની. કામદાર બહેનોએ સાથે મળીને રમતો રમી, ટીમવર્ક અને સહકાર શીખ્યા અને આત્મવિશ્વાસ મેળવ્યો. જેમાં ૧,૦૦૦થી વધુ બહેનો જોડાઈ.

મહિલાઓની પસંદગી મુજબ પરંપરાગત અને મનોરંજક રમતો રમ્યા. કિશોરીઓથી લઈને મધ્યમ વયની અને વડીલ મહિલાઓ સુધી સૌએ સાથે ભાગ લીધો. રમતનું મેદાન વિવિધ ઉંમરની મહિલાઓ માટે મળવાનું, એકબીજાને પ્રોત્સાહિત કરવાનું અને આનંદ માણવાનું સ્થળ બન્યું.

અમદાવાદ શહેરના નોબલનગર વિસ્તારમાં 'સેવા' અકાદમી દ્વારા ચાલતાં સાક્ષરતા વર્ગના સંચાલિકા અને સિલાઇ કામદાર જયાબહેન કહે, મને ઢીચણનો દુઃખાવો છે પણ, અહીં યોગાની તાલીમ મળી તેનાથી મને ઘણી રાહત છે. મારા ત્યાં આવતી બેનોને પણ હળવી કસરત શીખવું છું.

અમદાવાદ જિલ્લાના નાંદેજ ગામના ખેતીકામ અને મીનાકારીગરી કરતાં નયનાબહેન કહે, હું તો એમ જાણતી કે, ખેતરનું કામ કરીએ અને ઘરનું કામ કરીએ તો શરીરની કસરત થઇ જાય એમ, પણ ના, હું તો આજે આ તાલીમમાં આવીને જાણ્યું અને સમજી કે પોતાના માટે સમય કાઢીને હળવી કસરત પણ ખૂબ જરૂરી છે. શરીરને સ્વસ્થ રાખવા પુરતો પોષક આહાર લેવો પણ જરૂરી છે. કામકાજને ઘર-પરિવાર અને બાળકોની જવાબદારીઓમાં એ બધુ વિસરી ગયા હતા પણ, આજે અહીં ફરી ખો ખો અને કબડ્ડી જેવી રમતો રમ્યા તે નાનપણના દિવસો યાદ આવી ગયા.

ખાખરા બનાવવાના અને ઘરે ઘરે જઈને વેચવા જવાનું તે દોડધામ એટલી હોય તે કયા સમયે યોગા કરવા એ જ ખબર નથી રહેતી. પણ ખરેખર આ રમતો રમ્યા અને યોગાની સમજ મળી તે હવે હું ય થોડા યોગા કરીશ તો મારા હાથપગને પણ આરામ મળશે. આમ કહેતા, નોબલનગર વિસ્તારના સિલાઇની તાલીમ લેતા સરસ્વતિબહેન.

રમતગમત સાથે યોગ, શારીરિક તંદુરસ્તી, પોષણ, સ્વસ્થ આહાર અને પર્યાવરણ અંગેની જાગૃતિ જેવી પ્રવૃત્તિઓ પણ યોજાઈ. આ પ્રવૃત્તિઓએ મહિલાઓને રોજિંદી જવાબદારીઓમાંથી થોડો સમય કાઢીને પોતાના આરોગ્ય, સુખાકારી અને આનંદ માટે સમય આપવાની તક આપી.

જુલાઈમાં અંતિમ રાઉન્ડ અને સમાપન કાર્યક્રમ યોજાયો, જેમાં સૌથી વધુ ભાગીદારી મેળવનારી પાંચ રમતો- રસ્સાખેંચ, કોથળા દોડ, કબડ્ડી, લીંબુ-ચમચી અને મ્યુઝિકલ ચેર-નો સમાવેશ કરવામાં આવ્યો.

રમતગમત અને મનોરંજન મહિલાઓને જોડવા, સક્રિય રાખવા અને તેમની સુખાકારીની ઉજવણી કરવા માટે શક્તિશાળી માધ્યમ બની શકે છે. આ અનુભવે એ પણ યાદ અપાવ્યું કે રમવાનો આનંદ માત્ર બાળપણ પૂરતો સિમિત નથી.

- 'સેવા' અકાદમી ટીમ

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024

Ahmedabad P.S.O.
6, 22-8-26

અનસૂયા

- ૪૪માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'

- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.

- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલા વિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.

- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.

- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે
'અનસૂયા' પ્રકટ થાય છે.

Place to Send Subscription :

Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

અનસૂયા 6, 22-8-26

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]